અપીલ અરજી નં.૫૭ તા.૧૮–૫–૧૦/૧૧

અરજદારઃ– શ્રી સરવર હુસેન ગુલામ મોહમદ નગદ

સામાવાળાઃ– એડી.સીટીઈજનેર અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)

ડે.કમિશ્નર(૫અનેઈ) અને જાહેર માહિતી અધિકારી (મધ્યસ્થ મહેકમ)

ઈ.ચા.ડે.કમિશ્નર(સી) અને જાહેર માહિતી અધિકારી (મધ્યસ્થ કચેરી)

**ફરીયાદની હકીકતઃ–**

વિષયઃ– આરટીઆઈ એકટ હેઠળ શ્રી સરવર હુસેન ગુલામ મોહમદ નગદની તા.૩–૪–૧૦ ની અરજીથી (૧)તા.૧–૭–૦૯ ના રોજ મુખ્યમંત્રીશ્રીના સચીવ ધ્વારા મ્યુ.કમિશ્નરને સંબોધીને લખેલો પત્ર કે જેનુ મથાળુ "ફરજમાં બેદરકારી હોય, કાયદેસર પગલા ભરવા બાબત" નો પત્ર લખેલ તો આ પત્ર પર કમિશ્નર ધ્વારા કેતન પટેલ (શહેર વિકાસ અધિકારી) વિરુધ્ધ શું પગલા લેવામાં આવ્યા છે તેની મ્યુ. કમિશ્નરને પુછી સાચી અને ખરી માહિતી આપવી વિ. મુદ્દા નં.૧ થી ૪ ની માહિતી આપવા બાબત.

સંદર્ભઃ–(૧) અરજદાર મજકુરની તા.૧૮–૫–૧૦ની SMC/FAP/ નં.૫૭/૨૦૧૦–૧૧

(૨) સેન્ટ્રલઝોનના તબદીલ પત્ર આરટીઆઈ/જાવક/૭૭ તા.૧૬–૪–૧૦ થી પર્સોનલ ઓફિસર મહેકમને તબદીલ કરેલ અરજી.

શ્રી સરવર હુસેન ગુલામ મોહમદ નગદની તા.૩–૪–૧૦ ની અરજીથી (૧)તા.૧–૭–૦૯ ના રોજ મુખ્યમંત્રીશ્રીના સચીવ ધ્વારા મ્યુ.કમિશ્નરને સંબોધીને લખેલો પત્ર કે જેનુ મથાળુ "ફરજમાં બેદરકારી હોય, કાયદેસર પગલા ભરવા બાબત" નો પત્ર લખેલ તો આ પત્ર પર કમિશ્નર ધ્વારા કેતન પટેલ (શહેર વિકાસ અધિકારી) વિરુધ્ધ શું પગલા લેવામાં આવ્યા છે તેની મ્યુ. કમિશ્નરને પુછી સાચી અને ખરી માહિતી આપવી વિ. મુદ્દા નં.૧ થી ૪ ની માહિતી આપવા બાબતે એડી. સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોનના પત્ર નં.સા.ઝોન/ આરટીઆઈ/ આ. નં. ૧૪૭ તા.૨૮–૪–૧૦ થી આપેલ માહિતી ખોટી આપેલ હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૮–૫–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૨૭૧ તા.૨૫–૫–૧૦ થી એડી.સીટીઈજનેર અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન) ડે.કમિશ્નર(૫અનેઈ) અને જાહેર માહિતી અધિકારી (મધ્યસ્થ મહેકમ) તથા અરજદારને અપીલ અરજીમાં મુળ અરજીની નકલ તથા ફી ની વિગતો જણાવેલ નથી. વધુમાં જાહેર માહિતી અધિકારીના તા.૨૮–૪–૧૦ ના પત્રથી જણાવેલ વિગતે મુદ્દા નં.૪ અનુસારની મિલ્કતની વિગતો પૂરી પાડી માહિતી મેળવવાનો પ્રયત્ન કરેલ છે કે કેમ? તે અંગે પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી અને ડે.કમિશ્નર(૫અનેઈ) કક્ષાએથી જાવક નં.જીએડી/ઈએસટી/૭૨૩ તા.૩૧–૫–૧૦ થી પૂરક વિગતોમાં નોંધ વિભાગ, સેન્ટ્રલઝોન તરફથી ઓફિસ સુપ્રિ. મધ્યસ્થ કચેરી તથા પર્સોનલ ઓફિસર મહેકમને મુદ્દા નં.૨ અને ૩ બાબતે પત્ર નં.સ.ઝોન/આરટીઆઈ/જાવક/૭૭ તા.૧૬–૪–૧૦ ના પત્રની નકલ, અરજદારની તા.૩–૪–૧૦ ના પત્રની નકલ, સેકશન અધિકારી શ.વિ. અને શ.વિ.ગૃ.નિ.વિ.ના પત્ર નં.૬૦૨૦૦૯/સીએમ/૧૨૪૪/પી તા.૧–૭–૦૯ ના પત્રની નકલ તથા અંગત મ. શ.વિ. અને શ.વિ.ગૃ.નિ. વિ. ના પત્ર નં.પા.પુ/જસ/શ.વિ./૭૯ ૪૫૮૦/૦૯ તા.૨૧–૧૧–૦૯ ના પત્રની નકલ, જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ કચેરી તરફથી પત્ર નં.સી.૫૭૬ તા.૨૯–૪–૧૦ થી મ. જાહેર માહિતી અધિકારી અને પર્સોનલ ઓફિસર મધ્યસ્થ મહેકમને તબદીલ કર્યા અંગેના પત્રની નકલ, ડે.કમિશ્નર(૫અનેઈ) અને જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ મહેકમ તરફથી પત્ર નં.જીએડી/ ઈએસ ટી / ૭૦૫ તા.૨૭–૫–૧૦ થી કાર્યપાલક ઈજનેર અને મ. જાહેર માહિતી અધિકારીને અરજી તબદીલ કર્યા અંગેના પત્રની નકલ અત્રેના વિભાગને મળેલ છે. જયારે અરજદાર તરફથી કોઈ પૂરક વિગતો અત્રેના વિભાગને મળેલ નથી.

અરજદારની તા.૩–૪–૧૦ ની મુદ્દા નં.૧ થી ૪ ની અરજી શહેર માહિતી ખાતુ સુરત મ્યુ. કોર્પોરેશન મુગલીસરા સુરતને સંબોધી માહિતી માંગતી અરજી સેન્ટ્રલઝોન ખાતે કરવામાં આવેલ. જે સેન્ટ્રલઝોન ધ્વારા પત્ર નં.સ ે.ઝોન/આરટીઆઈ/જાવક/૭૭ તા.૧૬–૪–૧૦ થી ઓફિસ સુપ્રિ. (મધ્યસ્થ કચેરી) અને પર્સોનલ ઓફિસર (મધ્યસ્થ મહેકમ) મુદ્દા નં.૨ અને ૩ અર્થે તબદીલ કરવામાં આવેલ. જે જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ કચેરી તરફથી મ. જાહેર માહિતી અધિકારી અને પર્સોનલ ઓફિસર (મધ્યસ્થ મહેકમ) ને પત્ર નં.સી.૫૭૬ તા.૨૯–૪–૧૦ થીતબદીલ કરવામાં આવેલ. મધ્યસ્થ મહેકમ તરફથી પત્ર નં.જીએડી/ઈએસટી/૭૦૫ તા.૨૭–૫–૧૦ થી કાર્યપાલક ઈજનેર અને મ. જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોનમાં કરવામાં આવેલ. સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં. સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૧૪૭ તા.૨૮–૪–૧૦ થી અરજદારને મુદ્દૃ નં.૧ થી ૪ ની માહિતી આપવામાં આવેલ. મુદ્દા નં. (૧)તા.૧–૭–૦૯ ના રોજ મુખ્યમંત્રીશ્રીના સચીવ ધ્વારા મ્યુ.કમિશ્નરને સંબોધીને લખેલો પત્ર કે જેનુ મથાળુ "ફરજમાં બેદરકારી હોય, કાયદેસર પગલા ભરવા બાબત" નો પત્ર લખેલ તો આ પત્ર પર કમિશ્નર ધ્વારા કેતન પટેલ (શહેર વિકાસ અધિકારી) વિરુધ્ધ શું પગલા લ ેવામાં આવ્યા છે તેની મ્યુ. કમિશ્નરને પુછી સાચી અને ખરી માહિતી આપવી.તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી તા.૧–૭–૦૯ ના રોજ મુખ્યમંત્રીશ્રીના સચિવ ધ્વારા મ્યુ.કમિશ્નરને સંબોધીને લખેલ પત્ર અન્વયે કરેલ હુકમની વિગતો રેકર્ડ પર નથી. તેવું જણાવેલ છે. (૨) તા.૨૧–૧૧–૦૯ શહેર વિકાસ મંત્રીના અંગત મદદનીશ ધ્વારા કમિશ્નરને સંબોધીને લખેલા પત્રોના મથાળા સુરત મ્યુ. કમિશ્નર કચેરીના શહેર વિકાસ અધિકારી કેતન પટેલની તાનાશાહી

બાબત " નો પત્ર  કમિશ્નરશ્રીને  લખેલા મ્યુ. કમિશ્નરે આ પત્રના સંદર્ભમાં  કેતન પટેલ વિરુધ્ધ  શું કાર્યવાહી કરી તે કમિશ્નર મેડમને  પુછતાછ કરી વિગતવાર માહિતી આપવી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી તા.૨૧–૧૧–૦૯ નો અંગત મદદનીશ  શ. વિ. અને શ.વિ.ગૃ.નિ.કાર્યાલય ગાંધીનગરનો પત્ર  સેન્ટ્રલઝોન કચેરીના રેકર્ડ પર નોંધાયેલ નથી. તેવું જણાવેલ છે.   મુદ્દા નં.૩ પાછલા ૯ મહીનાથી  કેતન પટેલ  મંડળી  રાઈટ ટુ ઈન્ફર્મેશન એકટ હેઠળ ગેરકાયદેસર બાંધકામોની આપેલી વિગતો  નોટીસો અને પછી અમોને આ  ગેરકાયદેસર બાંધકામ દુર કરવા  અરજીઓ કરેલ જે આજે ૧૦ મહીના વીતી ગયા  હોવા છતાં  કોઈ કાર્યવાહી નહી થતા તેમના વિરુધ્ધ ફરજ પર બેદરકારી અને ગુનાહીત પ્રવૃતિ કરવા બાબતે બોમ્બે મ્યુ. એકટની ૫૬(૨) અનુસાર પગલા ભરાય કે નહીં અને પગલા ભરવાનો હક કોને છે  શું આ માટે લાગતા વળગતા અધિકારીઓ વિરુધ્ધ  ગુજરાત હાઈકોર્ટમાં પીએલએ દાખલ કરી  ફરીયાદ કરવી પડે અથવા લોકલ કોઈ  લાગુ  તેમની વિરુધ્ધ ઉપરોકત એકટ હેઠળ પગલા લઈ શકે છે તેની વિગતવાર માહિતી આપવા બાબત. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી  આ મુદ્દો સેન્ટ્રલઝોન કચેરીને સ્પર્શતો નથી જેથી પર્સોનલ ઓફિસર (મહેકમ) ને સે.ઝોન/આરટીઆઈ/જાવક/૭૭ તા.૧૬–૪–૧૦ થી અરજી તબદીલ કરેલ છે.તેવું જણાવેલ છે.જે અંગે જાહેર માહિતી અધિકારી મહેકમ કક્ષાએથી  યોગ્ય પ્રત્યુત્તર  અરજદારને પાઠવવો રહે. (૪) પાછલા ૧૦ મહીનાથી મે શહેરના ૭ ગેરકાયદેસર  બાંધકામ દુર કરવાની  અરજી કરેલ છે  તે અરજીઓ પર  અમલ નહીં કરવા બાબત  કેતન પટેલનો શો હેતુ છે શું તેમાં  કેતન પટેલનો  કોઈ ખાનગી  હિત સચવાયેલુ છે.   તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી  પત્રમાં દર્શાવ્યા   મુજબ ૭ મિલ્કતોનું વર્ણન આપ્યેથી વિગતવાર માહિતી આપી શકાય તેમ   છે. તેવું જણાવેલ છે. જે બાબતે  અરજદારે તા.૧૮–૫–૧૦ ના રોજ કેતન પટેલ અને રાઈટ ટુ ઈન્ફર્મેશન ધ્વારા ગુનાહિત પ્રવૃતિ કરી ખોટી માહિતી આપવા બાબત જણાવી અપીલ અરજી કરેલ છે. જે બાબતે અરજદારને અત્રેથી અપીલ તબકકે આરટીઆઈ સ ેલ/૨૭૧ તા.૨૫–૫–૧૦ થી અપીલ અરજીમાં મુળ અરજીની નકલ તથા ફી ની વિગત જણાવેલ નથી. વધુમાં જાહેર માહિતી અધિકારીના તા.૨૮–૪–૧૦ ના પત્રથી જણાવેલ વિગતે મુદ્દા નં.૪ અનુસારની મિલ્કતની વિગતોપ ૂરી પાડી માહિતી મેળવવા પ્રયત્ન કરેલ છે કે કેમ?  તે બાબતે પત્ર પાઠવવામાં આવેલ. પરંતુ અરજદાર તરફથી અપીલ સાથે કે અપીલ તબકકે તેવી કોઈ વિગતો પૂરી પાડેલ નથી. વધુમાં જાહેર માહિતી અધિકારીએ વિગતો પૂરી પાડયેથી માહિતી પૂરી પાડવાની તૈયારી દર્શાવેલ છે. જાહેર માહિતી અધિકારીએ મુદ્દા નં.૧ માં  તા.૧–૭–૦૯ નો  મુખ્યમંત્રીશ્રીના સચિવ ધ્વારા મ્યુ.કમિ.શ્રીને સંબોધીને લખેલ પત્ર " ફરજમાં બેદરકારી કરી હોય કાયદેસરના પગલા ભરવા બાબત"  મુળ અરજીમાં પત્ર જણાવેલ છે.  પરંતુ અપીલ સાથે રજૂ કરેલ પત્રની નકલ જોતાં  સદર પત્ર  સેકશન અધિકારી શ.વિ. અને શ.વિ.ગૃ.નિ. વિ. તરફથી લખાયેલ છે  આથી અરજદાર  પત્ર બાબતે  માહિતી માંગવામાં સ્વયં સ્પષ્ટ નથી. તેમ છતાં  જાહેર માહિતી અધિકારી કક્ષાએથી દફતરી હકીકત જણાવેલ છે.  જયારે મુદ્દા નં.૨ તા.૨૧–૧૧–૦૯ ના અંગત મદદનીશ શ.વિ. અને શ.વિ.ગૃ.નિ. વિ. ના પત્ર બાબતે જાહેર માહિતી અધિકારીએ સેન્ટ્રલઝોનના રેકર્ડ ઉપર નથી.  તેવું જણાવેલ છે. જે બાબતે મધ્યસ્થ કચેરીએ કરેલી કાર્યવાહીની માહિતી પૂરી પાડવાની રહે છે અથવા તો તે પત્ર અન્ય કોઈ ખાતાને મોકલેલ હોય તો  તેની માહિતી પૂરી પાડવાની રહે  અને તે અનુસાર તે ખાતાના જાહેર માહિતી અધિકારીને અરજી તબદીલ કરવી રહે તે થયેલ જણાતું નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ  કરવામાં આવે છે.

અરજદારે તા.૩–૪–૧૦ ની અરજીથી માંગેલ માહિતી પૈકી મુદ્દા નં.૪ અંગે જણાવેલ ૭ મિલ્કતોનું વર્ણનની વિગતવાર માહિતી  જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોનને  પૂરી પાડયા બાદ માહિતી મેળવવા સ્વતંત્ર છે.  જયારે મુદ્દા નં.૨ અંગે જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ કચેરીને  તા.૨૧–૧૧–૦૯ના અંગત મદદનીશ પાણી પુરવઠા અને શહેરી વિકાસના તા.૨૧–૧૧–૦૯ ના  પત્ર બાબતે  પત્ર અત્રેની કચેરીને મળ્યા બાદ  થયેલ કાર્યવાહી  મોકલવામાં આવેલ વિભાગ અંગેની વિગતો આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ  વિના મૂલ્યે  અત્રેની જાણ  હેઠળ અરજદારને  દિન–૭ માં  પૂરી પાડવા તથા સદર ખાતાના જાહેર માહિતી અધિકારીને  તેટલા મુદ્દા  પૂરતી અરજી નિકાલ માટે  તબદીલ કરવા ડે.કમિશ્નર(સી) અને જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ કચેરીને   જણાવવામાં આવે છે. જયારે મુદ્દા નં.૩ અંગે જાહેર માહિતી અધિકારી   સેન્ટ્રલઝોનની તબદીલ અરજી  તથા તેમણે આપેલ પ્રત્યુત્તરને અનુલક્ષી યોગ્ય  પ્રત્યુત્તર દિન–૭ માં પાઠવવા ડે.કમિશ્નર(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી મહેકમને જણાવવામાં આવે છે તથા કરેલ  કાર્યવાહીની વિગતો   અત્રે મોકલવા જણાવવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/<br>તારીખ :   –૬–૧૦

ડે.કમિશ્નર (જનરલ)<br>અને એપેલેટ ઓફિસર<br>સુરત મહાનગર પાલિકા

પ્રતિ,

(૧) એડી.સીટીઈજનેર અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન), ડે.કમિશ્નર(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી (મધ્યસ્થ મહેકમ),ઈ.ચા.ડે.કમિશ્નર(સી) અને જાહેર માહિતી અધિકારી (મધ્યસ્થ કચેરી)... ..જાણ તથા અમલ માટે

(૨) શ્રી સરવર હુસેન ગુલામ મોહમદ નગદ,